## કોર્ટ ઓફ કમિશનર (વિકલાંગ વ્યકિતઓ માટેના)

ગુજરાત રાજય

(Deemed Civil Court) વિકલાંગ ધારો (સમાનતકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ૧૯૯૫

બ્લોક નં. ૧૬ ભોયતળીયે , ર્ડા. જીવરાજ મહેતા ભવન, સેકટર-૧૦, ગાંધીનગર-૩૮૨૧૦

---

પ્રાથમિક સુનાવણી નં. ૫૩૪ / ૨૦૧૫ ક્રમાંક કમિ/ અપગ/૨૦૧૫-૧૬/

તા.૦૭ / ૦૧ / ૨૦૧૬

વાદીઃ-

કુ.આશ્કા જયંતભાઇ શાહ,
૧૦, ગર્વમેન્ટ સોસાયટી,
પી.જી. હોસ્ટેલની સામે, વિધાનગર,
ભાવનગર.

વિરૂઘ્ધ

સામાવાળાઃ-

બાબુભાઇ ધરમશીભાઇ કેવળીયા,
મેસર્સ વ્રજ ડેવલપર્સના ભાગીદાર,
૬૫, વૃંદાવન સોસાયટી,
વાઘાવાડી રોડ, ભાવનગર.

વિકલાંગ અરજદાર આશ્કા જયંતભાઇ શાહ ધ્વારા તા.૧૮/૧૨/૨૦૧૫ ના રોજથી તેણીએ ભાવનગરની સિવિલ કોર્ટમાં ચાલતો કેસ નં.૪૮૯/૨૦૧૧ પાછો ખેંચી આ કોર્ટમાં બિલ્ડર તેણીનું મકાન બીજાને ન વેચી દે તેવો મનાઇ હુકમ કરવા દાદ માંગેલ હતી.

અરજદારની રજુઆત પરત્વે કેસની નોંધણી કરી કેસ નંબરઃ- ૫૩૪/૨૦૧૫ કેસ રજિસ્ટર ઉપર નોંધવામાં આવેલ અને આગામી કેસની મુદત તા.૨૦/૦૧/૨૦૧૬ ની રાખવા કોર્ટ ધ્વારા નિર્ણય થયેલ. દરમ્યાન આશ્કા જયંતભાઇ શાહ ધ્વારા તા.૨૮/૧૨/૨૦૧૫ ની અરજીથી તેણીએ તા.૧૮/૧૨/૨૦૧૫ ની અરજીથી રીવ્યુ અરજી પરત ખેંચી લઇ આગળ કાર્યવાહી નહીં ચલાવવા રજુઆત કરેલ છે.

શ્રી આશ્કા જયંતભાઇ શાહની ઉપરોકત તા.૨૮/૧૨/૨૦૧૫ ની અરજીથી કરેલ રજુઆત ધ્યાને લઇ હું નીચે મુજબ હુકમ કરું છું.

**હુકમ**

અરજદાર શ્રી આશ્કા જયંતભાઇ શાહ કેસ નંબર- ૫૩૪/૨૦૧૫ ચલાવવા માંગતા ન હોઇ આ કેસ દફતરે કરવા હુકમ કરું છું.

**( સંજય નંદન )**
**કમિશનર ઓફ ધી કોર્ટ.**

પ્રતિ ,

(૧) શ્રી આશ્કા જયંતભાઇ શાહ, ૧૦, ગર્વમેન્ટ સોસાયટી, પી.જી. હોસ્ટેલની સામે, વિધાનગર, ભાવનગર.

**નકલ રવાનાઃ-** શ્રી બાબુભાઇ ધરમશીભાઇ કેવળીયા, મેસર્સ વ્રજ ડેવલપર્સના ભાગીદાર, ૬૫, વૃંદાવન સોસાયટી, વાઘાવાડી રોડ, ભાવનગર.